સુધારા ઠરાવ
વર્ષ ૨૦૧૮-૧૯

સ્વરોજગારીના હેતુ- પશુપાલન વ્યવસાય માટે ૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપનાની સહાયની યોજના.

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંક : સીડીએસ/૧૩૨૦૧૭/૯૪/પી.૧
સચિવાલય, ગાંધીનગર
તારીખ: /૦૯/૨૦૧૮

કૃષિ અને ... ક્રમાંક. 570431
2 9 SEP 2018

27 SEP 2018

વંચાણે લીધા:-

૧. વિભાગના ઠરાવ ક્રમાંક : સીડીએસ/૧૩૨૦૧૭/૯૪/પી.૧, તા.૧૭/૦૪/૨૦૧૮

૨. નિયામકશ્રી, પશુપાલનની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: પધન/ગરાક-૨/૧૩૮-૧૩૯/૨૦૧૮, તા.૦૨/૦૮/૨૦૧૮

**આમુખ :**

વંચાણે લીધેલ(૧) હેઠળના વિભાગના ઠરાવથી સ્વરોજગારીના હેતુ પશુપાલન વ્યવસાય માટે ૧૨ દુધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપના માટે સહાયની નવી બાબત- યોજનાને ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં વહિવટી મંજુરી આપવામાં આવેલ છે. ઉક્ત ઠરાવમાં આ યોજનાના અમલીકરણ માટે પરિશિષ્ટમાં નિયત કરવામાં આવેલ શરતો પૈકી શરત નં.૬માં અરજદારે રિઝર્વ બેન્ક માન્ય નાણાંકિય સંસ્થા / બેન્કમાંથી વર્ષ ૨૦૧૮-૧૯ માં મેળવેલ ધિરાણ પર જ વ્યાજ સહાય મળવાપાત્ર થશે. આ યોજનાનો લાભ મેળવવા પશુપાલકે રિઝર્વ બેન્ક માન્ય નાણાંકિય સંસ્થા / બેન્કમાંથી ધિરાણ અંગેની મંજુરી મેળવ્યા બાદજ I khedut (આઇ ખેડુત) પોર્ટલ પર અરજી કરવાની રહેશે તેમ, નિર્દિષ્ટ કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ(૨) હેઠળના નિયામકશ્રી, પશુપાલનની કચેરીના પત્રથી ઉક્ત નવી બાબત-યોજનાના ઠરાવના પરશિષ્ટની શરતો પૈકીની ઉક્ત શરત નં.૬માં નીચે મુજબનો સુધારો કરવા દરખાસ્ત કરેલ છે.

"રિઝર્વ બેંક માન્ય નાંણાકીય સંસ્થા / બેંક / ખેતી વિષયક સહકારી મંડળીમાંથી વર્ષ ૨૦૧૮-૧૯ માં મેળવેલ ધિરાણ પર જ વ્યાજ સહાય મળવાપાત્ર થશે. આ યોજનાનો લાભ મેળવવા પશુપાલકે રિઝર્વ બેંક માન્ય નાંણાકીય સંસ્થા / બેંક / ખેતી વિષયક સહકારી મંડળીમાંથી ધિરાણ અંગેની મંજુરી મેળવ્યાબાદ જ ikhedut (આઇ ખેડૂત) પોર્ટલ પર અરજી કરવાની રહેશે."

## સુધારા ઠરાવ

રાજ્ય સરકારની પ્રસ્તુત યોજનાનો લાભ મેળવવા માંગતા પશુપાલકોને બેંકમાંથી ધિરાણ મેળવવા પડતી મુશ્કેલીઓને નિવારી શકાય તે હેતુથી કાળજીપૂર્વકની વિચારણા બાદ; સ્વરોજગારીના હેતુ પશુપાલન વ્યવસાય માટે ૧૨ દુધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપના માટે સહાયની નવી બાબત- યોજનાની વહીવટી મંજૂરી અંગેના મૂળ ઠરાવમાં

યોજનાના અમલીકરણ માટે ઠરાવના પરિશિષ્ટમાં નિયત કરવામાં આવેલ શરતો પૈકીની શરત નં.૬માં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

**શરત નં.૬** – "રિઝર્વ બેંક માન્ય નાંણાકીય સંસ્થા / બેંક / ખેતી વિષયક સહકારી મંડળીમાંથી વર્ષ ૨૦૧૮-૧૯ માં મેળવેલ ધિરાણ પર જ વ્યાજ સહાય મળવાપાત્ર થશે. આ યોજનાનો લાભ મેળવવા પશુપાલકે રિઝર્વ બેંક માન્ય નાંણાકીય સંસ્થા / બેંક / ખેતી વિષયક સહકારી મંડળીમાંથી ધિરાણ અંગેની મંજુરી મેળવ્યાબાદ જ ikhedut (આઇ ખેડૂત) પોર્ટલ પર અરજી કરવાની રહેશે."

**નોંધઃ-** ઉક્ત સુધારાના કારણે યોજના માટેની વર્ષઃ૨૦૧૮-૧૯ની નાણાકીય જોગવાઇ કરતા ખર્ચ વધવા ન પામે કે વધુ જોગવાઈની માંગણી કરવાની પરિસ્થિતિ ઉપસ્થિત ન થાય તે નિયામકશ્રી, પશુપાલને સુનિશ્ચિત કરવાનું રહેશે.

વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૫/૦૯/૨૦૧૮થી મળેલ મંજુરી અન્વયે આ આ સુધારા ઠરાવ બહાર પાડવામાં આવે છે.

"ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે"

સેક્શન અધિકારી

કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

- અંગત સચિવશ્રી, માન.નાયબ મુખ્યમંત્રીશ્રી, બીજો માળ, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(પશુપાલન), બીજો માળ, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(પશુપાલન), બીજો માળ, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય,ગાંધીનગર
- સચિવશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(કૃષિ), કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ.ગાંધીનગર ,સચિવાલય ,
- નિયામકશ્રી, પશુપાલનની કચેરી, કૃષિભવન, ગાંધીનગર
- ઉપમહાલેખાકારશ્રી(ES-૧), એકાઉન્ટ જનરલ(E&RS Audit), અમદાવાદ, ગુજરાત, ત્રીજો માળ, ઓડીટ ભવન, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯
- એકાઉન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ), ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
- સેક્શન અધિકારીશ્રી(આઈ.ટી.સેલ), કૃષિ,ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ ઠરાવ વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- સંબંધિત જીલ્લા પંચાયતો (મારફતે પશુપાલન નિયામક)
- કૃષિ ,ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ ની બજેટ, આયોજન અને અને નાણાં શાખા
- પસંદગી ફાઇલ
- હુકમ ફાઇલ